સત્ય આવી ગયું અને અસત્ય નાશ પામ્યું (અલ-કુર્આન ૧૭ : ૮૧)

# ફારૂક સાપ્તાહિક

FAROOQ E-Paper

www.Farooqsaptahik.com | Farooq Saptahik | farooq_saptahik | Farooq Saptahik

૨૬ વર્ષથી ભુજથી દર શુક્રવારે પ્રકાશિત થતું સાપ્તાહિક







RNI No. GUJ GUJ / 2000 / 2443 ★ Editor, Owner, Publisher : Yousuf A. Jat. Bhuj-Kutch. ★ Published from Sawaya faliya, Bhuj-Kutch(Gujarat) ★ Office : Elite Printers, Opp. Sumra Deli, Bhuj.

Year - 26th ★ Issue - 13 ★ Date : 24th OCTOBER, 2025, Friday ★ 1st Jamadi ul-Awwal, H. 1447 ★ Pages - 4 ★ Phone : 98253 76396 ★ E-mail : farooqsaptahik@gmail.com

# UMEED પોર્ટલ પર વિગતો અપલોડ કરવા AIMPLBની અપીલ

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ (AIMPLB)ના મહામંત્રી મૌલાના ફઝલુર્રહમાન મુજદ્દિદીએ તા. ૧૯–૧૦ ના એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ભારતના મુસ્લિમો હાલમાં જે સૌથી મહત્વપૂર્ણ અને સંવેદનશીલ મુદ્દાનો સામનો કરી રહ્યા છે તે તેમના અવકાફ અને તેની મિલકતો જેમ કે મસ્જિદો, મદરેસા, ખાનકાહ, કબ્રસ્તાન, દરગાહ, ઈમામબારા અને અન્ય વકફ મિલકતોનું રક્ષણ છે. સંસદે વકફ (સુધારા) અધિનિયમ, 2025 પસાર કર્યો છે, જે હેઠળ કલમ 43 મુજબ, બધા "રજિસ્ટર્ડ અવકાફ" જે પહેલા "રજિસ્ટર્ડ" હતા તે નોંધાયેલા માનવામાં આવે છે, પરંતુ કલમ 3B મુજબ, તેમની વિગતો "આજે અસ્તિત્વમાં છે તે મુજબ" UMEED (યુનિફાઈડ માઈનોરિટી મેપિંગ એન્ડ એમ્પાવરમેન્ટ ફોર એજ્યુકેશન, એમ્પ્લોયમેન્ટ અને ડેવલપમેન્ટ) પોર્ટલ પર દાખલ કરવી અને અપલોડ કરવી ફરજિયાત છે. AIMPLB આ કાયદાની બંધારણીયતાને ભારતની સુપ્રીમ કોર્ટ સમક્ષ પડકારી રહ્યું છે. સુપ્રીમ કોર્ટે કેટલીક જોગવાઈઓ અંગે કામચલાઉ રાહત આપી હોવા છતાં, તે અવકાફના વ્યાપક રક્ષણ માટે અપૂરતી રહે છે. કોર્ટે UMEED પોર્ટલ પર કલમ 3B દ્વારા જરૂરી વિગતો અપલોડ કરવા પર રોક લગાવી નથી અને તે 5 ડિસેમ્બર, 2025 પહેલાં કરવી જરૂરી છે. AIMPLB એ આ સમયમર્યાદા વધારવા માટે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરી ચૂકયું છે, અને આ મામલો હાલમાં વિચારણા હેઠળ છે. સમય ઓછો રહ્યો છે, અને દેશભરમાં, અવકાફ અને તેની મિલકતોની વિગતો "જે પહેલાથી નોંધાયેલ છે" અને "જેમ તે રાજ્ય વકફ બોર્ડ સાથે અસ્તિત્વમાં છે" – હવે UMEED પોર્ટલ પર અપલોડ કરવી આવશ્યક છે. તેથી, વિનંતી કરવામાં આવે છે કે બધા મુસ્લિમો તાત્કાલિક તેમના અવકાફ અને તેની વિગતો અપલોડ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે, જેમાં પહેલાથી નોંધાયેલ અને રેકોર્ડ કરાયેલ મિલકતોનો સમાવેશ થાય છે. આમ કરવામાં નિષ્ફળતાથી અને તેની મિલકતો જેમ કે મસ્જિદો, કબ્રસ્તાનો અને અન્ય ધાર્મિક દાનને ગંભીર જોખમમાં મૂકી શકે છે અને "નોંધાયેલ અવકાફ" તરીકેનો તેમનો દરજ્જો ગુમાવી શકે છે.

AIMPLB ના તમામ સભ્યો, સમુદાયના શુભેચ્છકો, રાષ્ટ્રીય, ધાર્મિક અને સામાજિક સંગઠનો, વિદ્વાનો, ઈમામો અને સમુદાય કાર્યકરોને હૃદયપૂર્વક અપીલ કરાઈ છે કે તેઓ તેમના સંબંધિત વિસ્તારોમાં તાત્કાલિક હેલ્પ ડેસ્ક સ્થાપિત કરે જેથી UMEED પોર્ટલ પર તેમના "રજિસ્ટર્ડ અવકાફ" ની વિગતો અને તેની વિગતો અપલોડ કરવામાં મદદ મળે. જો આવી અપલોડિંગ 5 ડિસેમ્બર, 2025 સુધીમાં પૂર્ણ ન થાય, તો મુતવલ્લીઓ (સંભાળ રાખનારાઓ / સંરક્ષકો) ને ટ્રિબ્યુનલનો સંપર્ક કરવો પડશે અને મુદ્દત લંબાવવાની માંગણી કરવી પડશે અને આવી નિષ્ફળતા માટે દંડનો સામનો કરવો પડી શકે છે, અને ભવિષ્યમાં અપલોડિંગ જટીલ અથવા અશક્ય પણ બની શકે છે. તેથી, ભારપૂર્વક સલાહ આપવામાં આવે છે કે આવા હેલ્પ ડેસ્કનું સંચાલન ટેક્નિકલ કુશળતા ધરાવતા વ્યક્તિઓ દ્વારા કરવામાં આવે.

AIMPLB એ પહેલાથી જ અવકાફના રક્ષણ માટે રાજ્ય–સ્તરીય સમિતિઓની રચના કરી છે, જે હેલ્પ ડેસ્ક સ્થાપિત કરવા અને UMEED પોર્ટલ પર અપલોડ કરવા માટે તાલીમ આપવા માટે કામ કરી રહી છે. જો કે, આ પહેલને જિલ્લા, તહસીલ (તાલુકા) અને બ્લોક સ્તરે વિસ્તૃત કરવી જરૂરી છે, કારણ કે ઉપલબ્ધ સમય, જો લંબાવવામાં ન આવે તો, અત્યંત મર્યાદિત છે. તેથી તમામ મુસ્લિમો, ખાસ કરીને સમુદાયના પ્રભાવશાળી વ્યક્તિઓ અને સામાજિક કાર્યકરોને UMEED પોર્ટલ પર અપલોડ કરવાનું ઝડપી બનાવવા વિનંતી કરાઈ છે. કોઈપણ અવકાફનું અપલોડિંગ પૂર્ણ થઈ ગયા પછી, તેના રેકોર્ડ સુરક્ષિત રીતે સાચવવા જોઈએ, કારણ કે તેને સુધારેલા વકફ અધિનિયમ એટલે કે UMEED હેઠળ નોંધાયેલ ગણવામાં આવશે. અપલોડ કરતી વખતે મુશ્કેલીઓ ઊભી થાય તેવા કિસ્સાઓમાં, આવી સમસ્યાઓનું દસ્તાવેજીકરણ કરવું જોઈએ અને સંબંધિત વકફ બોર્ડ ઓફિસને લેખિતમાં જાણ કરવી જોઈએ જેથી તે મુજબ કાનૂની અથવા ન્યાયિક ઉપાયો અપનાવી શકાય.

(આ અખબારી યાદી AIMPLBના સદસ્ય મૌલાના અલિફ નક્શબંદીએ ઉપલબ્ધ કરાવી છે.)

## વલ્લાહો અઅ્લમો

- ○ પપ્પા!
- ❑ જી, બેટા!
- ○ વિકાસની જબરજસ્ત ઉજવણીઓ થઈ રહી છે, વિજ્ઞાપનો, હોર્ડિંગ્સ, ગોદી મીડિયામાં જોરદાર વિકાસ દેખાય છે પરંતુ બિસ્માર સડકો, શિક્ષક વિહોણી શાળાઓ, તબીબો – સ્ટાફ વગરના દવાખાનાઓમાં વિકાસ કેમ નજર આવતું નથી ?
- ❑ વલ્લાહો અઅ્લમો !!












# શરઈ અહકામ

(કુર્આન શરીફ અને અહાદીસે મુબારકાની રોશનીમાં)

સંકલન : હસીનાબેન એ. મારા (B.Sc., B.Ed.), ભુજ-કચ્છ.

## નમાઝની રીત-ફર્ઝ-વાજીબાત

(ગતાંકથી ચાલુ)

**સુન્નત** અને **નફલ નમાઝ**માં **કયામ** કરવું **ફર્ઝ** નથી **સુન્નત** છે, આથી જો કોઈ **સુન્નતે મોઅકદા**માં જાણી જોઈને પણ **કયામ** તર્ક કરે છે એટલે કે બેસીને **નમાઝ** પઢે છે તેની **નમાઝ** દુરસ્ત થઈ જશે. **સુન્નતે ગૈરે મોઅકદા** અને એ જ રીતે **નફલ**. પરંતુ આ **સુન્નત – નફલ** બેસીને પઢવાથી **સવાબ** અડધો થઈ જાય છે. જો કે આપણા નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) થી ખાસ કરીને **ઈશા**ના છેલ્લા બે **નફલ** બેસીને પઢવા સાબિત છે. નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની એ વિશેષતા હતી કે જે **નફલ** આપ બેસીને અદા કરતા એના પર પણ પૂરો **સવાબ** મળતો. પરંતુ નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ સ્પષ્ટ જણાવી દીધું કે જે બેસીને **નમાઝ** પઢશે તેના માટે અડધો **સવાબ** છે. અહીં હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **કમી (ઉણપ)**નું પણ વર્ણન જણાવી દીધું.

ફુકહા એ કિરામ હોડીમાં **નમાઝ** પઢવાનો હુકમ પણ ઈર્શાદ ફરમાવે છે, આ તો અગાઉના સમયમાં લોકો દરિયાઈ સફર વધારે કરતા હતા. તેમ છતાં નિયમ છે તો રજુ કરી દઈએ. ઈલ્મ હશે તો કોઈ પણ પરિસ્થિતિમાં શરીઅતનાં દાયરામાં રહીને સંપૂર્ણ **ઈબાદત** અદા કરી શકાશે. જો કોઈ હોડીમાં સવાર હોય અને તે ચાલતી હોય, તો બેસીને **નમાઝ** પઢી શકાય, ખાસ કરીને જ્યારે ચક્કર આવવાનું ડર હોય અથવા કિનારે ઉતરવું શક્ય ન હોય.

❑ **કિરઅત** ❑

**કિરઅત** એ છે કે દરેક અક્ષર મુખમાંથી સ્પષ્ટ અને યોગ્ય રીતે ઉચ્ચારવું જોઈએ, જેથી દરેક અક્ષર અન્યથી ભિન્ન રહે. ધીમા અવાજમાં પઢવા માટે પણ એટલો અવાજ જરૂરી છે કે પઠન કરે તો પોતે સાંભળી શકે. જો અક્ષરો યોગ્ય રીતે ઉચ્ચારવામાં આવે પણ અવાજ એટલો ધીમો હોય કે પોતે સાંભળી ન શકે, અને તેનું કારણ કોઈ અવરોધ, જેમ કે શોર-બકોર ન હોય, મશીન કે વાહનોના ઘોંઘાટ પણ ન હોય, અને સાંભળવાની તકલીફ પણ ન હોય, તો **નમાઝ બાતિલ** થઈ જશે (વેડફાઈ જશે).

**કિરઅત**માં જ્યારે કહેવામાં આવે છે કે કહો અથવા પઢો ત્યારે એનો અર્થ એ હોય છે કે એટલા અવાજ થી કહેવાનો અથવા એટલી અવાજથી પઢવાનું જો આજુબાજુ કોઈ બહુ શોર ગૂલ ન હોય અને કોઈને સાંભળવાની બીમારી ન હોય, સામાન્ય તંદુરસ્ત વ્યક્તિ છે તો એટલો અવાજ હોવો જોઈએ કે પોતાના કાન વડે પોતાનો અવાજ સાંભળી શકાય, આ રીતે **કિરઅત**નો **ફર્ઝ** અદા થશે જે વસ્તુનો **નમાઝ**માં પઢવું **ફર્ઝ** છે, એમાં એટલું અવાજ રાખવું ફર્ઝ છે કે પોતાના કાન સુધી તે અવાજ પહોંચે, જેનું પઢવું **વાજીબ** છે તેનું કાન સુધી અવાજ પહોંચાડવું **વાજીબ** છે અને જેનું પઢવું **સુન્નત** છે તેનું કાન સુધી અવાજ પહોંચાડવું **સુન્નત** અથવા **મુસ્તહબ** હશે. આ બાબતની ખૂબ સારી રીતે સમજવાની જરૂર છે આથી જે વસ્તુઓનું પઢવું **ફર્ઝ** છે અને કાન સુધી અવાજ ન પહોંચ્યો તો તર્કે **ફર્ઝ** થશે અને જ્યારે તર્કે **ફર્ઝ** થશે તો **નમાઝ** નહીં થાય. **ફર્ઝ**ને છોડી દેવાથી **નમાઝ** થતી નથી અને જે વસ્તુઓને પઢવું **વાજીબ** છે અને તેનું અવાજ કાન સુધી પહોંચતું નથી તો અહીં તર્કે **વાજીબ** લાઝીમ થયું. તર્કે **વાજીબ** પર **નમાઝ**ની **ફરઝીયત** અદા થઈ જાય છે પરંતુ તે **નમાઝ 'વાજીબુલ ઈઆદહ'** કહેવામાં આવે છે આથી તમને આ **નમાઝ** ફરીથી પઢવાની છે. જે જગ્યાએ પઢવું **સુન્નત** અથવા **મુસ્તહબ** છે એનો અર્થ એ થયો કે આ સમય જો તમારો અવાજ કાન સુધી ન પહોંચ્યો તો તર્કે **સુન્નત** અથવા **મુસ્તહબ** લાઝીમ થયું જેનાથી **નમાઝ** થઈ જાય છે. ફરીથી પાછી બીજીવાર પઢવાની જરૂર નથી પરંતુ તેનાથી **સવાબ**માં કમી થાય છે, આથી એ વાત પણ જરૂરી છે કે **નમાઝ** પઢવાના સંદર્ભમાં જે **ફર્ઝ, વાજીબ, સુન્નત, મુસ્તહબ** આ બધી બાબતોની જાણકારી જરૂરી છે.

(ક્રમશઃ)

## મથડા : મીયાણા અને આગરીયા સમાજ વચ્ચે સુખદ સમાધાન



(ન્યૂઝ ડેસ્ક)

અંજાર તાલુકાના મથડા ગામે અગાઉના મનદુઃખનાં કારણે આગરીયા સમાજ અને મીયાણા ગરાસિયા સમાજ વચ્ચે અનબન થઈ હતી, જે બાબતે બન્ને સમાજના સક્ષમ આગેવાનોએ ભારપૂર્વક બન્ને પક્ષોને સમજાવી તા. ૧૪-૧૦-૨૫ના સુખદ સમાધાન કરાવ્યું હતું. મુસ્લિમ સમાજમાં ભાઈચારો જળવાઈ રહે તેવા હેતુથી બન્ને સમાજનાં વડીલો અને આગેવાનોએ સખત પ્રયત્ન કરી સુખદ સમાધાન કરાવ્યું હતું અને ભવિષ્યમાં આવા કોઈ અણબનાવ ન બને તે માટે ખાસ કરી યુવા વર્ગને કાળજી લેવાની નસીહત કરી હતી.

સમાધાનના મધ્યસ્થી એડવોકેટ ગુલામશા શેખ, અંજાર તાલુકા આગરીયા સમાજ પીઢ અગ્રણીઓ હાજી મામદ આગરીયા, હાજીહુસૈન આગરીયા, ભચલશા શેખ, હનીફશા શેખ, અબ્દુલ રાયમા, જુસબ આગરીયા, મિયાણા સમાજ અગ્રણી અયુબ જુસબ મથડા, હારૂન ચાવડા, મુસા નૂરમામદ ગંઢ, હાજી સુલતાન સોઢા ના પ્રયત્નોથી સમાધાન થયું હતું.

આ પ્રસંગે હાજી અબ્દુલ આગરીયા, હાજી ઈસ્માઈલ આગરીયા, હાજી આદમ આગરીયા, સુલતાન આગરીયા, હાજી કાસમ આગરીયા, હુસૈન આગરીયા, યુસુફ આગરીયા, અબ્દુલ આગરીયા, મુસ્તાક આગરીયા, ઈસ્માઈલ આગરીયા, રફીક આગરીયા, હાસમ આગરીયા, ઉમર આગરીયા, કચ્છ જિલ્લા મીયાણા ગરાસિયા સમાજ પ્રમુખ હાજી સાલેમામદ પડેયાર, ઉપપ્રમુખ હાજી વહાબ ભચુ, મમણ જાકબ, જુસબ મથડા, ઈસ્માઈલ સાલે બાફણ, ઈસ્માઈલ ભચુ બાફણ, હાજી મોહમ્મદ સિદ્દીક વિરા, હાજી લતીફ મોખા, ઈસ્માઈલ જુમ્મા જામ, નૂરમામદ જુમા બાફણ, હનીફ ઈસ્માઈલ મણકા, હારુ રાણા ચાવડા, ઉમર અબડા, મુસ્તાક ચાવડા, મુજાહીદ હિંગોરજા વગેરે ઉપસ્થિત રહ્યા હતા તેવું લતીફ ગગડાની યાદીમાં જણાવાયું છે.

## PTR નકલ ત્વરીતે મોકલવા હિતરક્ષક સમિતિની વકફ બોર્ડને રજૂઆત

**જેમને PTR નકલ નથી મળેલ તેમણે તા. ૨૫-૧૦-૨૫ સુધી હાજીસલીમ જતનો સંપર્ક કરવું**

(ન્યૂઝ ડેસ્ક)

અખિલ કચ્છ સુન્ની મુસ્લિમ હિતરક્ષક સમિતિના પ્રમુખ હાજીસલીમ એ. જતે ગુજરાત રાજ્ય વકફ બોર્ડના ચેરમેન ડો. મોહસિન લોખંડવાલાને પત્ર લખીને રજૂઆત કરી છે કે, કચ્છ જિલ્લામાં અખિલ કચ્છ સુન્ની મુસ્લિમ હિતરક્ષક સમિતિના કચ્છમાં ૭૦ હજાર થી વધુ સભ્યો છે. આ સંસ્થાના જિલ્લા પ્રમુખની રૂએ મને કચ્છભરથી અરજીઓ લેખિત - મૌખિક સ્વરૂપે આવેલ છે કે, તેઓએ પોતાના ધાર્મિક સ્થાનોને વકફ બોર્ડમાં રજીસ્ટર કરાવવા માટે અરજી કરેલ છે, છતાં તે અરજીઓ ઉપર કોઈ નિર્ણય લેવાયું નથી અને તેઓને PTR આપવામાં આવેલ નથી. તેમજ જૂની વકફ મિલ્કતો જે વકફ બોર્ડમાં વર્ષોથી ચડેલી છે, તેમના PTR નકલ પણ વકફ બોર્ડ તરફથી આપવામાં આવતી નથી, વળી, ઉમ્મીદ પોર્ટલ ના નિયમ અનુસાર PTR નકલ ફરજીયાત ઉમેરવાની છે અને ઉમ્મીદ પોર્ટલમાં પણ એક સમયમર્યાદા નક્કી કરવામાં આવેલ છે, આ સંદર્ભે હાજીસલીમ જતે ગુજરાત રાજ્ય વકફ બોર્ડના ચેરમેન સાથે વાત થયેલ છે અને તેમણે યોગ્ય કાર્યવાહી કરવાની ખાત્રી આપી છે. જે વકફ મિલ્કતને PTR ની નકલ ન મળી હોય તેમણે તા. ૨૮-૧૦-૨૫ સુધી તેમનો સંપર્ક કરી વિગતો મોકલાવી આપવી. (સંપર્ક : 99090 21610)

## મુસાખાનના સવાલ મુફ્તી સાહેબના જવાબ

**પ્રશ્નોના જવાબ સુન્ની હનફી મસલક પ્રમાણે છે**

**સવાલ : ઘણું કરીને માણસો એવી મિન્નત માને છે કે અમૂક પીરના મઝાર પર પગે ચાલીને જઈશ, સવારીની સુવિધા હોવા છતાં પગે ચાલીને જાય છે તો શું એવી મિન્નત માનવી જાઈઝ છે ? અને પગે ચાલીને જવાથી જે સવાબ મળશે તે સવારીનો ઉપયોગ કરવાથી નહિં મળે એ વાત સાચી છે ? જો આપ જવાબ આપશો કે બંનેને સરખો જ સવાબ મળશે તો ઘણાં બુઝુર્ગાને દીનનો ઈતિહાસ એમ બતાવે છે કે સવારી હોવા છતાં તેઓ હજ્જે બયતુલ્લાહ માટે પગે ચાલીને જતા હતા. શું એ વાત સાચી છે ? હવાલા સાથે જવાબ આપશો ?**

*જવાબ : જો કોઈ મુસલમાન મોઅતકીદ કોઈ વલીઅલ્લાહના મઝારની ઝિયારત માટે જાય અને તેને કોઈ મુશ્કેલી ન પડે અને કોઈ ફર્ઝ અદા કરવામાં ચૂક ન થાય તો અલ્લાહના વલીઓની ઝિયારત માટે પગે ચાલીને જવાની મનાઈ નથી. છતાં સવારીની સગવડ હોવા છતાં આવી માનતા માનવી યોગ્ય નથી. કાબતુલ્લાહના હજ્જ માટે પગે ચાલીને જવાની અનેક વિગતો બેશક કિતાબોમાં છે, પણ કોઈ માણસ પગે ચાલી ન શકતો હોય અને કાર (મોટર)માં જઈ શકતો હોય તો કઅબતુલ્લાહની ઝિયારત માટે પણ પગે ચાલીને જવાની મનાઈ છે નહિંતર જાઈઝ છે.*

*હજ્જતુલ વિદાઅના પ્રસંગે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ જોયું કે એક માણસ બે માણસોના ટેકાથી પગ ઘસડતો ઘસડતો કઅબતુલ્લાહના હજ્જ માટે જઈ રહ્યો હતો. હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ પૂછ્યું કે, તે આ રીતે કેમ જઈ રહ્યો છે ? તો જવાબ મળ્યો કે, તેણે આ રીતે માનતા માની છે. આપે ફરમાવ્યું કે, એને કહો કે સવાર થઈને જાય. અલ્લાહને આવી માનતાની જરૂર નથી. (સહી બુખારી શરીફ - કિતાબુલ હજ્જ)*

**સંકલન : મૌલાના મુસાખાન એમ. પઠાણ**
મુ. પો. દહીંસરા, તા. ભુજ-કચ્છ.

## પ્રશ્નોત્તરી – ૧૨૬૩




**(૧)** હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ કયા વ્યવસાય સાથે સંકળાયેલા હતા ?

**(૨)** કયા અલ્ફાઝ ન કહેવાનાં કારણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પર થોડા સમય સુધી વહી નાઝિલ થવાનો સિલસિલો બંધ થઈ ગયો ?

**(૩)** રણજી ટ્રોફીમાં સૌથી વધુ શતક કયા ખેલાડીએ લગાવ્યા છે ?

**(૪)** ભારતનું સૌથી મોટું ન્યુક્લિયર પાવર પ્લાન્ટ ક્યાં આવેલું છે ?

**(૫)** ભારતીય વાયુ સેનાનું આદર્શ વાક્ય શું છે ?

**પરખ-૧૨૬૧નાં જવાબ :**

(૧) અલ્લાહ પાકે કુર્આન શરીફમાં અન્ફાલ વિશે ફરમાવ્યું, અન્ફાલ અલ્લાહ અને એનાં રસૂલનું છે.

(૨) સિદરતુલ મુન્તહા પાસે આવેલી જન્નતનું નામ જન્નતુલ મઅવા છે.

(૩) સિકંદર લોદીએ શરૂ કરેલું ગજ એ સિકંદરી જમીન માપવાનું એકમ હતું.

(૪) ક્ષેત્રફળની દષ્ટિએ ભારતનું સૌથી નાનું સંસદીય મત વિસ્તાર ચાંદની ચોક (દિલ્હી) છે.

(૫) ખુદીરામ બોઝ યુગાંતર નામના ગુપ્ત ક્રાંતિકારી સંગઠન સાથે જોડાયેલા હતા.

**<u>ચાર સાચા જવાબ આપનાર વાચકો :</u>**
આબેદીન નૂરમોહંમદ જેડા-સિક્કા (જામનગર).

**<u>ત્રણ સાચા જવાબ આપનાર વાચકો :</u>**
ચાકી ઈમ્તિયાઝ અબ્દુલગની-મથલ.

**નોંધ : Google પર સર્ચ કરવાથી ઘણાં પ્રશ્નોનાં જવાબ મળી શકે તેમ છે. જેથી આપનાં જ્ઞાનમાં વધારો થશે.**

**નોંધ : ઓછામાં ઓછા ત્રણ સાચા જવાબ હશે તેમનાં નામ પ્રસિધ્ધ કરવામાં આવશે.**

**નોંધ : પરખના જવાબ SMS મારફત પણ મોકલી શકાય છે. મોબાઈલ નં. 81415 78692 (ઈસ્માઈલ સોનેજી)**

કંકોત્રી
ઈ એલાઈટ પ્રિન્ટર્સ
સુમરા ડેલી સામે, ભુજ-કચ્છ. ફોન : ૯૮૨૫૩ ૭૬૩૯૬

કંકોત્રી
EG એલાઈટ ગ્રાફિક્સ
હસનપીર બજાર, મુંદરા-કચ્છ. ફોન : ૯૯૨૫૦ ૭૬૩૯૬




ફીરોઝ ચાકી : Mo. : 99782 21888
તૌસિફ ચાકી : Mo. : 99988 71666
અમીત ઓપ્ટીકસ
ફ્રી કોમ્પ્યુટરાઇઝ્ડ આઇ ટેસ્ટીંગ
સસ્તું અને સારૂં
દુકાન નં. ૨, શ્રી પ્રસાદ કોમ્પલેક્ષ, મહેરઅલી ચોક, ભુજ-કચ્છ.
ખાવડા મેસુક ઘરની બાજુમાં, હોસ્પિટલ રોડ, ભુજ.

ઓક્ટોબર ઉમરાહ બુકીંગ ચાલુ છે
ડિલક્ષ ઉમરાહ 106000 સફર ૨૧ દિવસ મક્કા હોટલ ૨૦૦ મીટર | 95000 સફર ૧૯ દિવસ મદીના હોટલ ૧૫૦ મીટર
સેમી ડિલક્ષ 96500 સફર ૨૧ દિવસ મક્કા હોટલ ૬૦૦ મીટર | 86500 સફર ૧૯ દિવસ મદીના હોટલ ૫૦૦ મીટર
ભુજ થી ભુજ - માંડવી થી માંડવી - ડાયરેકટ ફ્લાઈટ
મક્કા અને મદીના શરીફની તમામ ઝિયારતો સાથે મસ્જિદ એ ઝોહરાના અને તાઈફથી ઉમરાહ, બદર, વાદીએ જીન્ન અને બીજી ઘણી બધી ઝિયારતો
ઈરાક ઝિયારત ડિલક્ષ રૂા. 97,500/- દિવસ ૧૦ બગદાદ, કરબલા, કુફા, નજફ વગેરે
: વધુ માહિતી અને બુકીંગ માટે સંપર્ક કરો :
જીલાની ટુર
દાયરા પીર દરગાહ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, માંડવી-કચ્છ.
સૈયદ પીર ઝૈનુલઆબેદીન જીલાની : ૯૯૦૯૮ ૬૬૭૮૬

તવજ્જોહ સર્ફ કરતા વાકઈ ગર નાખુદા અપની,
તો ક્યું સાહિલ સે ટકરા કર કે કશ્તી ડૂબતી અપની.
– અલમ મુજફ્ફરપૂરી

ફારૂક સાપ્તાહિક E-Paper

તંત્રી સ્થાનેથી...

# કચ્છમાં શિક્ષણની અવગણના ન થઈ શકે

દિવસા–દિવસે શિક્ષણની ગુણવત્તા એટલી નીચી ઉતરતી જાય છે કે માધ્યમિક શાળા સુધી પહોંચી જતા વિદ્યાર્થીઓ ઢંગનું ગુજરાતી લખી–વાંચી શકતા નથી. બીજા–ત્રીજા ધોરણમાં શિખવવામાં આવતા સાદા સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકારના દાખલા ઉકેલી શકતા નથી. વિદ્યાર્થીઓની આ દશા જોઈને જ કદાચ શિક્ષણ ખાતાએ પરીક્ષામાં વિદ્યાર્થીઓને પાસ કરવાની નીતિ બદલી નાખી હશે. હવે ભાગ્યે જ કોઈ વિદ્યાર્થી નાપાસ થાય છે. જ્યારે કચ્છની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ ન હતી ત્યારે ગામડાઓમાં એ સ્થિતિ હતી કે શિક્ષકો ગ્રામજનો સમક્ષ પોતાની અણઆવડત અને કામચોરી છુપાવવા ઠોઠ વિદ્યાર્થીઓને પણ સારા ગુણોથી નવાજતા રહેતા હતા. આવા વિદ્યાર્થીઓ જ્યારે ગામ નજીકની માધ્યમિક શાળા કે બોર્ડીંગમાં રહી શહેરોની માધ્યમિક શાળાઓમાં પ્રવેશ મેળવે ત્યારે પોલ પાધરી થાય કે પરીણામ પત્રકમાં દર્શાવવામાં આવેલા ગુણો ભ્રમ માત્ર હતા હકીકતમાં વિદ્યાર્થીને બીજા–ત્રીજા ધોરણમાં આવડતું હોવું જોઈએ તેટલું પણ આવડતું નથી. હવે જ્યારે શિક્ષકોની ભારે ઘટ છે, શિક્ષણ ખાતાએ વિદ્યાર્થીઓને ઉત્તીર્ણ કરવાની ઉદારનીતિ અપનાવી લીધી છે ત્યારે શિક્ષણનું ધોરણ કેટલે તળીયે ગયું હશે એ વિચારવું જ રહ્યું.

વિશ્વ કક્ષાએ શિક્ષણ એ દરેક બાળકનો જન્મસિધ્ધ હક્ક (fundamental right) છે તેથી RTE હેઠળ 14 વર્ષના તમામ બાળકોને આવરી લેવાયા છે. કચ્છ સરહદી જિલ્લો છે અહીંના બાળ કો શિક્ષણથી વંચિત રહે એ લાંબા ગાળે રાષ્ટ્રહિતમાં નથી. કચ્છ વિશાળ જિલ્લો છે કે ભારતના નાના રાજ્યો તેના જેટલું ક્ષેત્રફળ ધરાવતા નથી. ફક્ત પૂર્વ બાજુએ ગુજરાતના જિલ્લાઓ સાથે જોડાયેલો છે બાકીનો લગભગ પોણો ભાગ આંતરરાષ્ટ્રીય સરહદ અને અરબી સમુદ્ર સાથે જોડાયેલો છે એટલે સરહદી તથા દરિયાઈ કંઠી વિસ્તારોને આસપાસના જિલ્લાની સુવિધા મળે તેનો અવકાશ નથી. કચ્છ જિલ્લાની જમીન જ્યારે સરકાર ઔદ્યોગિક એકમોને પાણીના ભાવે આપી શકે છે. સોલાર પાવર પ્રોજેક્ટ માટે અત્યંત સંવેદનશીલ માની શકાય આંતરરાષ્ટ્રીય સરહદ નજીક જમીન ફાળવી શકે છે જ્યાં પરપ્રાંતીઓની અવર–જવર સામાન્ય બની જાય છે (નહિંતર રાષ્ટ્ર સુરક્ષાના નામે સરહદથી ત્રીસેક કિ.મી. દૂર હાજીપીર ખાતે બનતા ગેસ્ટ હાઉસનું બાંધકામ અટકાવી દેવાયું હતું.) ત્યારે સરહદી જિલ્લાના વિદ્યાર્થીઓ માટે સ્થાનિક શિક્ષક ભરતી માટેની અલગ જોગવાઈ કેમ ઉભી ન કરી શકાય ?

માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક સરકારી શાળાઓમાં પણ શિક્ષણનું ધોરણ ડામાડોળ છે. એક અખબારી અહેવાલ મુજબ કચ્છમાં 98 એવી ઉચ્ચ માધ્યમિક શાળાઓ છે જ્યાં એક પણ શિક્ષક નથી અને 56 એવી શાળાઓ છે જ્યાં માત્ર એક જ શિક્ષક છે. 65 માધ્યમિક શાળાઓમાં કોઈ શિક્ષક નથી અને 43 શાળાઓમાં માત્ર એક જ શિક્ષક છે. માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં 63.74% શિક્ષકોની ઘટ છે. આવી સ્થિતિમાં વિદ્યાર્થીઓ ભણે કઈ રીતે ? એક તરફ બેરોજગારીનું એ આલમ છે કે ખાનગી શાળાઓમાં PTC, B.Ed., M.Ed. શિક્ષકોને માત્ર 8-10 હજાર રૂપીયા જેટલો પગાર મળે છે. અપવાદરૂપ ખાનગી શાળાઓ જેમના શિક્ષણનું ધોરણ ઊંચું છે અને વિદ્યાર્થીઓ પાસેથી સારી એવી ફી વસૂલે છે તેઓ પોતાના શિક્ષકોને 15-20 હજાર રૂપીયા કે તેથી વધુ પગાર આપે છે. કેટલિક એવી શાળાઓ પણ છે જ્યાં શિક્ષકોને રૂા. 8,000/- થી પણ ઓછો પગાર મળે છે. થઈ શકે છે ખાનગી શાળાઓમાં નોકરી કરતા શિક્ષકો TATની પરીક્ષામાં ઉત્તીર્ણ નથી થઈ શક્યા માટે તેમને લાચારીવશ ઓછા પગારમાં ખાનગી શાળાઓમાં નોકરી કરવી પડે છે. પરંતુ જ્યારે સરકારી શાળાઓ મંજૂર થયેલ જગ્યાઓમાં અડધો–અડધ કે તેથી વધુ જગ્યાઓ ખાલી હોય અને બાળકોને ભણાવનારો કોઈ TAT પાસ શિક્ષક ન હોય અથવા માત્ર એક જ શિક્ષક હોય જે વહિવટી કાર્યોમાં પરોવાયેલો હોય તો કચ્છ માટે વિશેષરૂપે TAT પાસ વગરના PTC, B.Ed., M.Ed. થી કેમ કામ ચલાવી ન શકાય ? શિક્ષક વિહોણી શાળાઓમાં પોતાનો કિંમતી સમય વેડફી રહેલા વિદ્યાર્થીઓને ભવિષ્યમાં ભણવાની એ સુવર્ણ ઉંમર પ્રાપ્ત થવાની નથી. શિક્ષક વિહોણા વિદ્યાર્થીઓની સરખામણીએ ખાનગી શાળાઓમાં શિક્ષકોની દેખરેખ હેઠળ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના અભ્યાસનું ધોરણ સારૂં હોય છે અને કેટલાક સંજોગોમાં શિક્ષકો સાથેની સરકારી શાળાઓ કરતા ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓનું અભ્યાસ ધોરણ સારૂં હોય છે. ઔદ્યોગિક એકમોને અણધારી છૂટ મળતી હોય તો શિક્ષણ ક્ષેત્રે કેમ રાહત અપાતી નથી જે બાળકોનો જન્મસિધ્ધ અધિકાર છે ?

આ વર્ષે કચ્છમાં પ્રથમ વખત બની રહ્યું છે કે વિદ્યાર્થીઓ–વાલીઓ શિક્ષકોની ઘટથી પરેશાન થઈ વિરોધ પ્રદર્શન માટે સડકો પર ઉતરી રહ્યા છે, જવાબદાર અધિકારીઓને આવેદનપત્ર પાઠવી રહ્યા છે, ટોલ નાકાઓ પર ધરણા પ્રદર્શન યોજી રહ્યા છે. ભુજની ભગોળે આવેલ ભારતનગર પુલપાટીયા પેટાશાળાના વિદ્યાર્થીઓ–વાલીઓ સ્વતંત્ર શાળાની માગણી કરી રહ્યા હતા જેથી વિદ્યાર્થીઓને સુરક્ષિત–પૂરતા વર્ગખંડ નસીબ થઈ શકે પરંતુ વિદ્યાર્થીઓની માગ સરકારના બહેરા કાને અથડાતી રહી જેના પરિણામે 134 વિદ્યાર્થીઓએ સામૂહિક રીતે શાળા છોડી સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ કઢાવી લીધા. ભારતના અગ્રણી દૈનિક અખબાર ધ ઈન્ડિયન એક્સપ્રેસે વિરોધ પ્રદર્શનનો આ અહેવાલ પ્રથમ પાને પ્રસિધ્ધ કર્યો હતો. તા. 12-10-25ના ધ ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ ગુજરાત હાઈકોર્ટે આ અખબારી અહેવાલની સ્વતઃ નોંધ લીધી જેના કારણે ગુજરાતની ભાજપ સરકારે એક જ દિવસમાં સ્વતંત્ર શાળા તરીકે અપગ્રેડ જારી કર્યો છે. નોંધનીય છે કે ભારતનગર પુલપાટીયા પેટા શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા 134 હતી જ્યારે આંબેડકર પ્રા. શાળા મુખ્ય શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા 72 હતી. TET પરીક્ષા લાવવાનો સરકારનો હેતુ ગુણવત્તાસભર શિક્ષકો મેળવવાનો છે. પણ જ્યારે શિક્ષકોની કમી એટલી હોય કે શિક્ષણનું સ્તર ખાડે જતું હોય ત્યારે કચ્છ માટે અલગ મેરિટ લિસ્ટ બનાવવું ખૂબજ જરૂરી બન્યું છે. TET કે TAT પરીક્ષામાં ઓછા માર્કસ હોય તેવા P.T.C. અને B.Ed. શિક્ષકોની વિના વિલંબે નિમણુંક થાય તે સમયની માગ છે.

હકીકત એ છે કે ધ્રુવીકરણના રાજકારણના લીધે ગોદી મીડિયા અને સત્તા ભૂખ્યા જનપ્રતિનિધિઓ રાજ્ય–રાષ્ટ્ર કક્ષાએ જનહિતના પ્રશ્નો માટે પોતાના મોવડીઓ સામે મોં ખોલવાની હિમ્મત ધરાવતા નથી. પક્ષહિત માટે તેઓ જનતામાં કામ કરશે. પ્રવેશોત્સવ જેવા તાયફાઓમાં સરકારના તાલ પર કથકલી કરશે પરંતુ લોકહિતની વાત કરતા તેમની રાજકીય કારકિર્દી જોખમાઈ જાય છે અને મોઢું સીવી છાનામાના બેસી રહે છે. ચૂંટણીઓ વખતે બહુમતી વર્ગને ધાર્મિક પ્રવાહની લાગણીમાં તાણી મત સેરવી લેવાય છે જેના કારણે શિક્ષણ જેવા પાયાના હક્ક સહિત અન્ય અધિકારો પ્રત્યે પ્રશ્નો ખડા થાય છે.

# સંપર્કનો અર્થ સમર્થન નથી : મોદી સરકારના તાલિબાન પ્રેમના છ ગંભીર પડકારો

તાલિબાનના વિદેશ મંત્રી આમિરખાન મુત્તકીની તાજેતરની નવી દિલ્હીની મુલાકાત, જે તેમની પ્રેસ કોન્ફરન્સમાંથી મહિલા પત્રકારોને બાકાત રાખવા, તાલિબાનનો ધ્વજ પ્રદર્શિત કરવા અને પૃષ્ઠભૂમિમાં વિવાદાસ્પદ બામિયાન બુદ્ધની પેઇન્ટિંગની હાજરી દ્વારા ચિહ્નિત થયેલ છે, તે ભારતના બંધારણીય મૂલ્યો અને લોકશાહી સિદ્ધાંતોથી નોંધપાત્ર વિચલન દર્શાવે છે. જોકે વિદેશ નીતિમાં ભૂ-રાજકીય વ્યવહારવાદને સ્થાન છે, તાલિબાનની વિચારધારાનું આ સમર્થન મોદી સરકારના અભિગમમાં વધુ ઊંડી સમસ્યાઓ દર્શાવે છે, જેની ગંભીર તપાસ થવી જોઈએ.

મોદી સરકાર દ્વારા તાલિબાનના વિદેશ મંત્રીને આપવામાં આવેલી લાલ જાજમ પાથરવાની આ વ્યવસ્થા, મહિલા પત્રકારોને બાકાત રાખવાથી લઈને નવી દિલ્હીમાં તાલિબાનનો ધ્વજ પ્રદર્શિત કરવા સુધીની, પાકિસ્તાનના વળગણમાંથી ઉદ્દભવતા શંકાસ્પદ વ્યૂહાત્મક ફાયદાઓ માટે ભારતના બંધારણીય મૂલ્યોનું બલિદાન આપવાની મુશ્કેલીભરી ઇચ્છાશક્તિને પ્રગટ કરે છે.

## ◆ ૧. ભારતીય ભૂમિ પર જાતીય રંગભેદનું સામાન્યીકરણ ◆

સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં પ્રથમ વખત, નવી દિલ્હીમાં અફઘાન દૂતાવાસ ખાતે તાલિબાનના વિદેશ મંત્રીની પ્રેસ કોન્ફરન્સમાં મહિલા પત્રકારોને હાજરી આપતા અટકાવવામાં આવ્યા હતા. આ માત્ર બંધ બારણે યોજાયેલી રાજદ્વારી બેઠક નહોતી; આ એક જાહેર કાર્યક્રમ હતો જ્યાં તાલિબાન દ્વારા મહિલાઓને વ્યવસ્થિત રીતે બાકાત રાખવાની નીતિ ભારતીય પ્રદેશ પર આયાત કરવામાં આવી હતી. આ તાલિબાનની જાતીય રંગભેદની પ્રથાઓનું મુશ્કેલીભર્યું સામાન્યીકરણ દર્શાવે છે.

## ◆ ૨. ભારતના બંધારણીય મૂલ્યોને નબળા પાડવા ◆

ભારતનું બંધારણ કલમ ૧૪ (કાયદા સમક્ષ સમાનતા) અને કલમ ૧૫ (લિંગના આધારે ભેદભાવની મનાઈ) દ્વારા લિંગને ધ્યાનમાં લીધા વિના સમાનતાની ખાતરી આપે છે અને જાહેર જીવનમાં મહિલાઓની ભાગીદારીનો ગૌરવપૂર્ણ ઇતિહાસ ધરાવે છે.

ભારતીય રાજધાનીમાં સત્તાવાર કાર્યક્રમમાં વિદેશી પ્રતિનિધિમંડળને લિંગ-ભેદભાવપૂર્ણ નિયમો લાદવાની પરવાનગી આપવી એ સ્વતંત્ર ભારતના આ સ્થાપક સિદ્ધાંતોનો સીધો વિરોધાભાસ કરે છે. આ વાસ્તવિકતા નથી; તે શરણાગતિ છે. સાચી વાસ્તવિકતામાં સ્પષ્ટ લાલ રેખાઓ નક્કી કરવી જોઈએ: "તમે અમને મળી શકો છો, પરંતુ તમે અમારી ભૂમિ પર અમારા બંધારણીય ધોરણોનું ઉલ્લંઘન કરી શકતા નથી."

ભારતના સ્થાપકોએ એક એવા રાષ્ટ્રની કલ્પના કરી હતી જ્યાં વિવિધ સમુદાયો બિનસાંપ્રદાયિક લોકશાહી માળખા હેઠળ સહઅસ્તિત્વ ધરાવી શકે. જે શાસન વ્યવસ્થાઓ મૂળભૂત રીતે આ મૂલ્યોને નકારી કાઢે છે તેને કાયદેસરતા આપવી એ સરકારની બંધારણીય સિદ્ધાંતો પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા વિશે મુશ્કેલીભર્યા સંકેતો મોકલે છે.

## ◆ ૩. બામિયાનની પ્રતિમાનું પેઇન્ટિંગ એક કટાક્ષપૂર્ણ પૃષ્ઠભૂમિ ◆

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન મુત્તાકીની પાછળ બામિયાન બુદ્ધની પેઇન્ટિંગની હાજરી તાલિબાને અગાઉના શાસન દરમિયાન ભવ્ય બુદ્ધ પ્રતિમાઓને તોડી પાડ્યાની ખાસ કરીને મુશ્કેલીભરી યાદ અપાવનારી હતી. અગાઉના શાસન દ્વારા દિવાલ પર છોડી દેવાયેલું આ પેઇન્ટિંગ, હવે તાલિબાન સાથે ભારતની નિકટતાની મજાક ઉડાવવાનું કામ કરી રહ્યું હતું. તાલિબાન દ્વારા ૨૦૦૧માં પ્રાચીન બામિયાન બુદ્ધ પ્રતિમાઓનો કુખ્યાત વિનાશ સાંસ્કૃતિક નરસંહાર તરીકે વૈશ્વિક સ્તરે વખોડવામાં આવ્યો હતો.

અગાઉ, બામિયાન બુદ્ધ પ્રતિમાઓ તોડી પાડવાની ઘટનાને નવ વર્ષ પહેલાં અયોધ્યામાં બાબરી મસ્જિદ તોડી પાડવાની ઘટના સાથે સરખાવવામાં આવી હતી, એક કાર્ય જેના પર ભારતમાં વર્તમાન શાસન ખૂબ ગર્વ અનુભવે છે. હવે – બૌદ્ધ વારસા સાથે આવા ઊંડા સંસ્કૃતિગત સંબંધો અને અફઘાનિસ્તાનના ઇસ્લામ-પૂર્વેના વારસા સાથે ઐતિહાસિક જોડાણો ધરાવતા ભારત જેવા દેશ માટે – આ પૃષ્ઠભૂમિએ એક સાંકેતિક, જોકે વિકૃત, અર્થ ધારણ કર્યો.

## ◆ ૪. પાકિસ્તાનનો ફાંદો (The Pakistan Trap) ◆

મોદી સરકારની તાલિબાન નીતિ મોટે ભાગે અફઘાનિસ્તાનમાં પાકિસ્તાનના પ્રભાવનો સામનો કરવાની ઇચ્છા દ્વારા પ્રેરિત હોવાનું જણાય છે. જોકે ઐતિહાસિક હરીફાઈઓને જોતાં પાકિસ્તાન-કેન્દ્રિત ગણતરીઓ સમજી શકાય તેવી છે, દરેક પ્રાદેશિક મુદ્દાને આ દ્વિ-ધ્રુવીય દ્રષ્ટિકોણ દ્વારા જોવો એ અત્યાધુનિક વાસ્તવિકતાને બદલે વ્યૂહાત્મક માયોપિયા (દૂરનું ન જોવું) દર્શાવે છે. આ પ્રતિક્રિયાત્મક વલણ વ્યૂહાત્મક રીતે માયોપિક છે. અફઘાનિસ્તાનનું ભવિષ્ય ભારત માટે પાકિસ્તાનથી ઘણા આગળના કારણોસર મહત્ત્વનું છે, જેમ કે વેપાર માર્ગો, પ્રાદેશિક સ્થિરતા, આતંકવાદ વિરોધી, સાંસ્કૃતિક સંબંધો અને લઘુમતીઓ સાથેનો વ્યવહાર.

તાલિબાન-પાકિસ્તાન સંબંધો બગડવાથી ભારત માટે ચોક્કસપણે તકો ઊભી થાય છે, પરંતુ તેનો લાભ લેવા માટે મૂળભૂત સિદ્ધાંતોનો ત્યાગ કરવાની કે ઉગ્રવાદી શાસન મોડેલોને કાયદેસર બનાવવાની જરૂર ન હોવી જોઈએ. દરેક નિર્ણયને પાકિસ્તાનની ચિંતાઓ પર આધારિત બનાવીને, ભારત પહેલને છોડી દે છે અને અનુમાનિત બની જાય છે. તેનાથી પણ ખરાબ, તે એક એવા શાસનને મજબૂત કરી રહ્યું છે જે આખરે ભારત માટે પાકિસ્તાન ક્યારેય કરી શકે તેના કરતાં વધુ સમસ્યાઓ ઊભી કરી શકે છે.

અંગ્રેજીનું ગુજરાતી ભાષાંતર :
પીર સૈયદ ઈસ્હાકમિયાં અલ અબ્બાસી અલહાશ્મી
ખાનકાહે આલીયા : નકશબંદીયા, ચિશ્તિયા, સાબિરિયા, અશરફીયા, ભુજ-કચ્છ.
સૌજન્ય : ધ વાયર એનાલિસિસ, તા. ૧૪-૧૦-૨૫

## ◆ ૫. અતિ-રૂઢિચુસ્ત ઇસ્લામવાદનું સાધન તરીકે ઉપયોગ ◆

તાલિબાન સાથેનું જોડાણ એવા અસ્વસ્થ પ્રશ્નો ઊભા કરે છે કે શું મોદી સરકાર ભારતીય મુસ્લિમોને રાક્ષસ તરીકે રજૂ કરવાની વ્યાપક વ્યૂહરચનાના ભાગરૂપે અતિ-રૂઢિચુસ્ત ઇસ્લામવાદી છબીનો ઉપયોગ કરી રહી છે. રાજકીય ઇસ્લામના સૌથી આત્યંતિક સ્વરૂપનું પ્રતિનિધિત્વ કરતા શાસન સાથે સંબંધો સામાન્ય કરીને, હિન્દુત્વ શાસન ભારતીય મુસ્લિમો અને તાલિબાન-શૈલીના ઉગ્રવાદ વચ્ચે ખોટી સમાનતાઓ બનાવવાનો પ્રયાસ કરી રહ્યું હશે. આ અભિગમ ઐતિહાસિક દાખલાઓને પ્રતિબિંબિત કરે છે જ્યાં હિન્દુત્વ સંગઠનોએ ભારતીય મુસ્લિમો સામેના ભેદભાવને ન્યાયી ઠેરવવા માટે વિદેશી ઇસ્લામિક શાસન અથવા ઐતિહાસિક મુસ્લિમ શાસકોનો ઉપયોગ કર્યો છે. આ વ્યૂહરચનામાં એક 'અન્ય' બનાવવાનો સમાવેશ થાય છે જેની સામે હિન્દુત્વ પોતાને વ્યાખ્યાયિત કરી શકે, અને સ્થાનિક મુસ્લિમ સમુદાયોને બદનામ કરવા માટે ઇસ્લામિક ઉગ્રવાદના બાહ્ય પ્રતીકોનો ઉપયોગ કરે છે.

વિશ્વ મંચ પર ઇસ્લામની સૌથી આત્યંતિક વ્યાખ્યાને સામાન્ય બનાવવી અને સાથે સાથે ઘરેલુ સ્તરે ભારતીય મુસ્લિમોને સંભવિત સુરક્ષા જોખમો તરીકે ચિતરવાથી, શું આ એક એવી રાજકીય કથા બનાવતું નથી જે સામાન્ય ભારતીય મુસ્લિમ નાગરિકોને ઉગ્રવાદી વિચારધારા સાથે ભેળવી દે છે? આ નૈતિક રીતે નિંદનીય અને વ્યૂહાત્મક રીતે વિપરીત અસરકારક બંને છે, જે ભારતના પોતાના મુસ્લિમ વસ્તીને અલગ કરી શકે છે અને સામાજિક સુમેળને નબળી પાડી શકે છે. તે એ વાસ્તવિકતાને પણ અવગણે છે કે ભારતીય મુસ્લિમોએ સતત ઉગ્રવાદી વિચારધારાઓને નકારી કાઢી છે અને બિનસાંપ્રદાયિક લોકશાહી મૂલ્યો પ્રત્યે તેમની પ્રતિબદ્ધતા જાળવી રાખી છે.

## ◆ ૬. નિરંકુશ ઉગ્રવાદને કાયદેસરતા આપવી ◆

મુત્તકી માટે લાલ જાજમ પાથરીને, જેમાં ભારતના કાબુલ મિશનને સંપૂર્ણ દૂતાવાસનો દરજ્જો આપવાનો સમાવેશ થાય છે, મોદી સરકારે અસરકારક રીતે વિશ્વના સૌથી દમનકારી શાસનોમાંના એકને વાસ્તવિક (de facto) માન્યતા આપી છે. તાલિબાને વ્યવસ્થિત રીતે મહિલાઓના અધિકારોને નષ્ટ કર્યા છે, જાતીય રંગભેદ લાદ્યો છે, અને માનવાધિકાર સંગઠનો જેને સંસ્થાકીય દમનની વ્યવસ્થા કહે છે તે બનાવ્યું છે. આ જોડાણ વ્યવહારુ રાજદ્વારી નીતિથી આગળ વધે છે; તે તાલિબાનને નિર્ણાયક કાયદેસરતા પ્રદાન કરે છે તેવા સમયે જ્યારે તેઓ આંતરરાષ્ટ્રીય માન્યતા માટે સખત પ્રયાસ કરી રહ્યા છે.

સાચી વાસ્તવિકતા એ ઓળખે છે કે ઉગ્રવાદી શાસનોને કાયદેસરતા આપવાથી લાંબા ગાળાની અસ્થિરતાની અસરો થઈ શકે છે જે આખરે તે જ હિતોને નબળી પાડે છે જેને આવી નીતિઓ સુરક્ષિત કરવા માંગે છે. અત્યાધુનિક રાજ્યકાર્યમાં નૈતિક વિશ્વસનીયતા અને બંધારણીય સુસંગતતા જાળવી રાખીને રાષ્ટ્રીય હિતોને આગળ વધારવાના માર્ગો શોધવાનો સમાવેશ થાય છે. ભારતે તાલિબાનને સંપૂર્ણ રાજદ્વારી પ્રોટોકોલમાંથી મળતી કાયદેસરતા પ્રદાન કર્યા વિના માનવતાવાદી મુદ્દાઓ, આતંકવાદ વિરોધી સહકાર અને આર્થિક હિતો પર કેન્દ્રિત પસંદગીયુક્ત જોડાણ કર્યું હોત.

ટૂંકમાં, મોદી સરકારનું તાલિબાન સાથેનું જોડાણ ભારતના બંધારણીય મૂલ્યો અને વ્યૂહાત્મક સમજદારીથી મુશ્કેલીભર્યું વિચલન દર્શાવે છે. જોકે પ્રાદેશિક ભૂ-રાજકારણને લવચીક પ્રતિભાવોની જરૂર હોય છે, પરંતુ સંકુચિત વ્યૂહાત્મક ફાયદાઓની શોધમાં મૂળભૂત સિદ્ધાંતોનો ત્યાગ કરવાથી આખરે લોકશાહી ઉદાહરણ અને પ્રાદેશિક નેતા તરીકે ભારતની સ્થિતિ નબળી પડે છે. આગળ વધવાનો પડકાર એ છે કે એક વધુ અત્યાધુનિક અભિગમ વિકસાવવો જે રાષ્ટ્રની ઓળખ અને સ્થાપક દ્રષ્ટિને વ્યાખ્યાયિત કરતા બંધારણીય મૂલ્યો પ્રત્યેની નિષ્ઠા જાળવી રાખીને ભારતીય હિતોને આગળ વધારી શકે.

## ઇબાદત સપ્તાહ

| તારીખ | સૂર્યોદય | સૂર્યાસ્ત | ઝવાલ | અસ્ર | મગ્રીબ | ઈફતાર |
|---|---|---|---|---|---|---|
| ૨૪–૧૦–૨૫ | ૬–૫૪ | ૬–૨૨ | ૧૨–૩૮ | ૪–૪૦ | ૫–૨૮ | ૬–૨૬ |
| ૨૫–૧૦–૨૫ | ૬–૫૫ | ૬–૨૧ | ૧૨–૩૮ | ૪–૪૦ | ૫–૨૯ | ૬–૨૫ |
| ૨૬–૧૦–૨૫ | ૬–૫૫ | ૬–૨૦ | ૧૨–૩૮ | ૪–૪૦ | ૫–૨૯ | ૬–૨૪ |
| ૨૭–૧૦–૨૫ | ૬–૫૬ | ૬–૨૦ | ૧૨–૩૮ | ૪–૪૦ | ૫–૨૯ | ૬–૨૪ |
| ૨૮–૧૦–૨૫ | ૬–૫૬ | ૬–૧૯ | ૧૨–૩૮ | ૪–૪૦ | ૫–૩૦ | ૬–૨૩ |
| ૨૯–૧૦–૨૫ | ૬–૫૭ | ૬–૧૮ | ૧૨–૩૮ | ૪–૩૫ | ૫–૩૦ | ૬–૨૨ |
| ૩૦–૧૦–૨૫ | ૬–૫૭ | ૬–૧૮ | ૧૨–૩૮ | ૪–૩૫ | ૫–૩૧ | ૬–૨૨ |

બાજુમાં દર્શાવેલ સમય ભુજ-માંડવી માટે છે.
કચ્છના અન્ય શહેરો માટે નીચે પ્રમાણે મિનિટો વધ-ઘટ કરવી
મુંદ્રા માટે ૨ મિનિટ બાદ કરવી
અંજાર માટે ૩ મિનિટ બાદ કરવી
કંડલા માટે ૩.૩૦ મિનિટ બાદ કરવી
ભચાઉ માટે ૫ મિનિટ બાદ કરવી
રાપર માટે ૬ મિનિટ બાદ કરવી
નખત્રાણા માટે ૨ મિનિટ ઉમેરવી
નલિયા માટે ૩ મિનિટ ઉમેરવી
લખપત માટે ૪ મિનિટ ઉમેરવી

# JIH દ્વારા પ્રતિભાશાળી ૩૭ વ્યક્તિ 'સ્ટાર્સ ઓફ ધ ઉમ્મત' એવોર્ડથી સન્માનિત

(ન્યૂઝ ડેસ્ક)

જમાઅતે ઈસ્લામી હિન્દ (JIH) ગુજરાત દ્વારા 'હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પવિત્ર પરિવર્તનના પથદર્શક' અભિયાનન ભાગરૂપે ''સ્ટાર્સ ઓફ ધ ઉમ્મત એવોર્ડ્સ' કાર્યક્રમનું આયોજન તા. ૧૯–૧૦ ના લોકહિત ચેરિટેબલ ટ્રસ્ટ, ગુજરાત ટુડે હોલ, અહમદાબાદ ખાતે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત કારી અશફાક પટેલે તિલાવતે કુર્આનથી કરી. શકીલ અહમદ રાજપૂત (કન્વીનર સીરત અભિયાન)એ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે આજનો કાર્યક્રમ 'ફલકના સિતારાઓના સારા કામોની ઝલક' માટેનું આયોજન છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય સમાજમાં સકારાત્મક બદલાવ લાવવા માટેનો છે. મેડિકલ ક્ષેત્રના પ્રખર કર્મશીલ ડો. બચુભાઈ દેસાઈએ લોકોને આહ્‌વાન કર્યું હતું કે શિક્ષણ ક્ષેત્રે દીકરાઓની સાથે દીકરીઓને પણ આગળ વધારવી જોઈએ. તેમજ ઉમ્મતના બાળકોને સિવિલ સર્વિસ ક્ષેત્રમાં જવા પ્રોત્સાહિત કર્યા હતા. દિલ્હીથી પધારેલા JIHના રાષ્ટ્રીય સચિવ શાઈસ્તા રફત એ કહ્યું હતું કે જે લોકો માનવીને નફો પહોંચાડે છે, એ જ લોકો ટકી રહે છે. એવા માહોલમાં જયાં પ્રકાશનું કિરણ નથી દેખાઈ રહ્યું એવા માહોલમાં આ 'સ્ટાર્સ ઓફ ધ ઉમ્મત' એવોર્ડ આશાનું કિરણ છે.

રીફાઈ એકેડેમી એન્ડ વેલ્ફેર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી સૈયદ મોઈનુદ્દીન કમાલુદ્દીન રિફાઈએ JIH ગુજરાતને અભિનંદન આપતા જણાવ્યું કે, ''આ તારાઓ કે જેમને આજે સન્માનિત કરવામાં આવી રહ્યા છે, તેઓ કોઈને દેખાડવા માટે નહીં, પરંતુ આ કામને અલ્લાહ અને રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની ખુશી માટે જ કરી રહ્યા છે, પણ આવનારી પેઢી તેમના કામોને જોઈને અને સાંભળીને પ્રેરિત થાય, એ જ આનો હેતુ છે.''

JIH ગુજરાતના પ્રમુખ ડો. મુહમ્મદ સલીમ પટીવાલાએ જણાવ્યું હતું કે : ''આપણું કામ એ છે કે આપણે સમાજ માટે બોજ (liability) નહીં, પરંતુ સમાજની ધરોહર (asset) બનીએ. આ દુનિયામાં એ જ વ્યક્તિ અને સમાજ ટકી રહે છે જે અન્ય માટે ફાયદાકારક હોય છે. 'સીરત' અભિયાનનો ઉદ્દેશ્ય એ હતો કે પયગમ્બર મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના જીવનચરિત્રને અપનાવીને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી શકાય.''

સમારંભના અધ્યક્ષ સ્થાનેથી ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ – ગુજરાતના કન્વીનર મુફતી અહમદ દેવલા એ જણાવ્યું હતું કે, અલ્લાહ તઆલાને તે વ્યક્તિ સૌથી વધુ પ્રિય છે, જે તેની મખલૂક સાથે સારો વ્યવહાર કરે છે અને તેની સૃષ્ટિ સાથે અહેસાનનું વર્તન કરે. આજે જે લોકોને સન્માનિત કરવામાં આવ્યા છે, તેઓ આવા જ લોકો માંથી છે.

સમગ્ર ગુજરાતમાંથી વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનારી ૩૭ પ્રતિભાશાળી વ્યકિતઓને 'સ્ટાર્સ ઓફ ધ ઉમ્મત એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવ્યા હતા, જેમાં શિક્ષણ ક્ષેત્રે પ્રોફ. એ.ટી. સિંધી (પાલનપુર), અલીમુહમ્મદ જત (ચેરમેન – ધી મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી – કચ્છ), સફી મલિક (અમદાવાદ), ડો. સાજિદ મોગલ (સિધ્ધપુર), નિસાર અહમદ પટેલ (ઝાલોદ), વ્હોરા ઈર્શાદભાઈ હબીબુર્રહેમાન (આણંદ), ફલકનાઝબાનુ (અમદાવાદ) અને સોહેલ મોહમ્મદ રફીક ઈસબ (વલસાડ); ઈતિહાસ ક્ષેત્રે ડો. ઝુબેર કુરેશી (અમદાવાદ), સ્વાસ્થ્ય અને તબીબી ક્ષેત્રે ડો. મુહમ્મદ હુસૈન (વડોદરા) અને અબ્દુર્રહીમ ભાયલા (મોડાસા), કાનૂની ક્ષેત્રે એડવોકેટ સોહેલ તિરમિઝી, પ્રો. ડો. અકીલ અલી સૈયદ (આણંદ) અને એડવોકેટ શમશાદ પઠાણ (અમદાવાદ); રાજકારણ ક્ષેત્રે ગ્યાસુદ્દીન શેખ (અમદાવાદ), અસલમ સાયકલવાલા (સુરત). સામાજિક સેવા અને સશક્તિકરણ ક્ષેત્રે હારૂન રશીદ ખંડિયા (સુરત), જાવેદ મુહમ્મદ ઉસ્માન વોહરા (આણંદ), ઈરફાન યુસુફ પટેલ (ઝાલોદ) અને મનઝૂર મુહમ્મદ હુસૈન ડાકોરા (જામનગર). મહિલા સશક્તિકરણ ક્ષેત્રે સફિયા વ્હોરા (પાલનપુર), શબનમ મલિક (મુંદરા). સ્કિલ ડેવલોપમેન્ટ ક્ષેત્રે સુલેમાન ખાનજી (મોડાસા), હામિદભાઈ મેમણ (અમદાવાદ) અને સુલેમાન મેમણ (વડોદરા). યુવા સશક્તિકરણ ક્ષેત્રે અંજુમ સોરા (અમદાવાદ), વકાર કાજી (અમદાવાદ) અને હિદાયત પરમાર (પાલનપુર). અવકાફ ક્ષેત્રે એડવોકેટ ઈકબાલ શેખ (અમદાવાદ), ફૈઝલ અહમદ બેરા (સુરત). પર્યાવરણ ક્ષેત્રે ગફ્ફારભાઈ કુરેશી (તલાલા, ગીર) અને સુમૈયા હસિબ (અમદાવાદ). દઅવત (પ્રચાર–પ્રસાર) ક્ષેત્રે સાજિદખાન પઠાણ (સુરત). રમતગમત ક્ષેત્રે મુસ્તાક કાઝી (સુરત). કળા અને સાહિત્ય ક્ષેત્રે હબીબ શેખ (અમદાવાદ) અને ફિરોજ ખાન પઠાણ (ગોધરા), ડિઝાસ્ટર મેનેજમેન્ટ ક્ષેત્રે મુહમ્મદ નવીદ શેખ (સુરત)ને 'સ્ટાર્સ ઓફ ધ ઉમ્મત' એવોર્ડથી મુખ્ય મહેમાનો અને પ્રો. નિસાર અનસારી તથા એડવોકેટ તાહિર હકીમના હસ્તે નવાઝવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડો. ઈફિતખાર મલેક અને JIH અમદાવાદ શહેરના પ્રમુખ ઈકબાલ અહમદ મિર્ઝાએ સંયુક્ત રીતે કર્યું હતું તેવું JIHએ પોતાની અખબારી યાદીમાં જણાવ્યું છે.

અલીમુહમ્મદ જતે જણાવ્યું છે કે આ કાર્યક્રમમાં કચ્છમાંથી હાજીજુમા નોડે, અમીરઅલી લોઢીયા, જુણસ હિંગોરા, બશીર મેમણ, અલીમુહમ્મદ હિંગોરજા, ગની કુંભાર, રઝાક ચાકી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## કચ્છમાંથી શિક્ષણ ક્ષેત્રે અલીમુહમ્મદ જત અને સ્ત્રી સશક્તિકરણ ક્ષેત્રે શબનમબેન મલિકને એવોર્ડ એનાયત





## કારંઈ ૨–૧૧ ની સાંજે

(ન્યૂઝ ડેસ્ક)

કચ્છ સુન્ની ચાંદ કમિટીના પ્રમુખ પીર સૈયદ અહમદશા અલહુસૈની અને કચ્છ મુસ્લિમ સમાજ ચાંદ કમિટીના પ્રમુખ મુફતી અલ્હાજ ઈલ્યાસ ફલાહીએ અલગ અલગ યાદીઓમાં જણાવ્યું છે કે, માહે જમાદિલ અવ્વલનો ચાંદ તા. ૨૩–૧૦, ગુરૂવારની સાંજે નજર આવેલ છે તેથી ગ્યારવીં (કારંઈ) તા. ૨–૧૧–૨૫, રવિવારની સાંજે થશે.

## તાજ સદકા ફાઉન્ડેશન દ્વારા ધાબડા વિતરણ




(ન્યૂઝ ડેસ્ક)

તાજ સદકા ફાઉન્ડેશનના સ્થાપક મૌલાના હૈદરઅલી રઝવીએ જણાવ્યું છે કે, ઠંડીથી રક્ષણ માટે જરૂરતમંદ વર્ગને સંસ્થા દ્વારા ધાબડા વિતરિત કરાયા છે. તાજ ફૂડ્સ અને તાજ પેરેડાઈઝ નર્સરીમાંથી થતી આવકમાંથી સંસ્થા દ્વારા વિવિધ સેવાકીય કાર્યો કરવામાં આવે છે.













